# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા સુરતમાં જળ સંચય જન ભાગીદારી પહેલ શરૂ કરશે.**
- **21 જિલ્લામાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય**
- **ભાવનગર સહિત 6 જિલ્લામાં આજે ભારે વરસાદની આગાહી**
- **સુરેન્દ્રનગરમાં આજથી તરણેતરના ભાતીગળ મેળાનો પ્રારંભ – પહેલી વાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાશે.**
- **અમદાવાદ સહિતના 8 શહેરોમાં કેન્દ્ર સરકાર દ્વારા રાહતદરે ડુંગળી વેચાણ કેન્દ્રો શરૂ કરાશે.**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# JAL SANCHAY ABHIYAN

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સુરતમાં જળ સંચય જન ભાગીદારી પહેલ શરૂ કરશે.

આ પહેલ ચાલી રહેલા  જળશક્તિ અભિયાન સાથે સંલગ્ન  છે: વરસાદના એકએકે ટીપાનો સંગ્રહ કરીને લાંબા ગાળાની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેનું આ અભિયાન છે. નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગો અને અન્ય સહભાગીદારોને સાંકળીને વરસાદી પાણીના સંગ્રહને અભિયાન સ્વરૂપે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે.. આ કાર્યક્રમ હેઠળ, સમગ્ર ગુજરાતમાં અંદાજે 24 હજાર 800 વરસાદી પાણીના સંગ્રહના માળખાનુ સામૂહિક ભાગીદારી સાથે નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ ભૂગર્ભ જળ સંચય લાંબા ગાળે ફાયદાકારક સાબિત થશે.. આ અભિયાન હેઠળ બાંધવામાં આવેલ માળખા વરસાદી પાણીના સંગ્રહમાં  મહત્વની ભૂમિકા ભજવશે.

---

- પૂલ- હર્ષલ પંડ્યા

# GUJ. GRANTHLAYO

રાજ્ય સરકારે 21 જિલ્લામાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત, 7 આદિજાતિ જિલ્લાના 14 તાલુકામાં પણ પુસ્તકાલયો શરૂ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે. જેથી, તમામ આદિવાસી સમુદાયોને વાંચન સેવાનો 100 ટકા લાભ પ્રાપ્ત થશે.

ઉપરાંત, આ વર્ષે 64 જેટલા સરકારી તાલુકા ગ્રંથાલયો શરૂ કરવાનો પણ નિર્ણય કરાયો છે. વિશિષ્ટ, શહેર અને ગ્રામ ગ્રંથાલયો, મહિલા અને બાળ ગ્રંથાલયો વગેરેના અનુદાનના દરોમાં વધારો કરવા માટે પણ રાજ્ય સરકારે મંજૂરી આપી છે.

ઉપરાંત, સ્વર્ગીય શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા એવોર્ડના પુરસ્કારની રકમમાં 50 ટકાથી વધુનો વધારો રાજ્ય સરકાર દ્વારા કરાયો છે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે 6 સપ્ટેમ્બરનો દિવસ ‘રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ’ તરીકે મનાવવામાં આવે છે.

---------------------------------------------------------------------

- મા.ખાતું-ચૈતાલી જોષી-યશ્વી

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્રના ભાવનગર, દક્ષિણ ગુજરાતના ભરૂચ, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મધ્ય ગુજરાતના વડોદરામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે સાબરકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદની શક્યતા છે.

રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધીમાં કુલ 190 તાલુકામાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધારે સવા ચાર ઇંચ વરસાદ ગાંધીનગરના માણસા અને મહેસાણામના વિજાપુર તાલુકામાં  વરસ્યો હતો. જ્યારે મહેસાણા, પ્રાંતિજ અને ડીસા તાલુકામાં ત્રણ ઇંચથી વધુ, આઠ તાલુકામાં 2 ઇંચથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલ છે.

---------------------------------------------------------------------

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# RAIN

રાજ્યમાં ગઈકાલથી અનેક જિલ્લામાં ફરી વરસાદ વરસ્યો હતો.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે, મોઢેરા પર આવેલી કાવેરી શાળામાં વરસાદી પાણી ભરાતાં બાળકો અને શિક્ષકોને સલામત રીતે તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. અહીં વિજાપુરમાં 4, મહેસાણામાં 3, જોતાણામાં 2 ઈંચ અને ઊંઝામાં એક ઇંચ વરસાદ વરસ્યો હતો.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, ગઈકાલે શિહોરમાં 2, પાલીતાણામાં એક, ઘોઘા અને ભાવનગરમાં અડધો-અડધો ઇંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે શહેરમાં ગઈકાલે લઘુત્તમ તાપમાન 25 ડિગ્રીની આસપાસ નોંધાયું હતું.

રાજકોટ જિલ્લામાં જેતપુર તાલુકાનો ભાદર બંધ પૂર્ણ સપાટીએ ભરાઈ જતાં ડેમના સાત દરવાજા ખોલવામાં આવ્યા છે. વરસાદી પાણીની આવક સતત ચાલુ રહેતા બંધ વિસ્તારના ભૂખી, ઉમરકોટ, વેગડીગોંડલ, ભંડારિયા સહિતના ગામના લોકોને નદીના પટ વિસ્તારમાં અને નીચાણવાળા વિસ્તારમાં ન જવા જિલ્લા સિંચાઈ પૂર્વ વર્તૂળ એકમે જણાવ્યું છે.

-----------------------------------------------------------------------

-(PTC – MEHSANA – BHAVNAGAR - RAJKOT PRAVESH.)

-(NAVIN)

# TARANETAR MELO

રાજ્યના સૌથી મોટા તરણેતરના મેળાનો આજથી પ્રારંભ થશે. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામમાં નવ સપ્ટેમ્બર સુધી યોજાનારા આ મેળાનો આરંભ ત્રિનેત્રેશ્વર મહાદેવના પૂજન સાથે થશે. આ પ્રસંગે પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા ઉપસ્થિત રહેશે. સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દિનેશ પરમારે વધુમાં જણાવ્યું કે,

## (બાઇટ -દિનેશ પરમાર)

ઉપરાંત, લોકકલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા માટે 24 વિવિધ પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન કરાશે, જેમાં વેશભૂષા, છત્રિની સજાવટ, પરંપરાગત ભરતકામ, લોકગીત, લોકવાર્તા, ભજન, દૂહા-છંદ, ડાક-ડમરું ગાયન, વાંસળી, ભવાઈ, શહેરી અને ગ્રામીણ રાસ, હુડો રાસ, લોકનૃત્ય, શહેનાઈ અને સોલો ડાન્સ જેવી શ્રેણીઓનો સમાવેશ થાય છે.

------------------------------------------------------------------------

-(માહિતી ખાતા, સુરેન્દ્રનગર – પ્રવેશ)

-(NAVIN)

# ANIMAL HUSBANDARY DESION

રાજ્ય સરકારની સંસ્થાઓ ખાતે પશુઓમાં સેક્સડ સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન કરવા માટે હાલમાં લેવાતી ફી 300 રૂપિયાથી ઘટાડીને 50 રૂપિયા કરવાનો નિર્ણય કરાયો છે. પાટણ ખાતે સેક્સડ સીમેન પ્રયોગશાળામાં એક સેક્સડ સીમેન ડોઝના ઉત્પાદન માટેનો રાજ્ય સરકારનો પડતર ખર્ચ 710 રૂપિયા જેટલો છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# CENTRE-ONION

ડુંગળીના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને અમદાવાદ સહિતનાં આઠ શહેરોમાં રાહત દરે ડુંગળીનું વેચાણ કરાશે. દિલ્હી-N.C.R.માં 35 રૂપિયા પ્રતિકિલો ડુંગળીનાં વેચાણ માટે કૃષિ ભવન ખાતે મોબાઇલ વાનને લીલીઝંડી આપ્યા બાદ કેન્દ્રીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પ્રહલાદ જોષીએ જણાવ્યું કે, આગામી દિવસોમાં અમદાવાદ, કોલકતા, ભુવનેશ્વર, હૈદરાબાદ, ચેન્નાઇ, બેંગલુરુ, ગુવાહાટી અને રાયપુરમાં પણ આ રીતે રાહતદરે ડુંગળીનાં વેચાણની યોજના છે.

-------------------------------------------------------------------------

-રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિકાલ માટે અમદાવાદમાં પોસ્ટમાસ્ટર જનરલ, મુખ્યાલય ક્ષેત્ર સ્પીડપોસ્ટ ભવન શાહીબાગ ખાતે 20મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે ડાક અદાલતનું આયોજન કરાયું છે. આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દા ઉપરાંત ટપાલ સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરાશે.

અમદાવાદ મુખ્યાલય ક્ષેત્રને લગતી ટપાલ સેવા સંબંધી ડાક અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો શ્રીમતી એમ.એ. પટેલ, સહાયક નિદેશક ડાક સેવા, ફરિયાદ વિભાગ, પોસ્ટમાસ્ટર જનરલ, અમદાવાદ મુખ્યાલય ક્ષેત્ર, સ્પીડપોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ 380004ને તારીખ 10 સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં..

---

- યાદી-અપર્ણા ખૂંટ-યશ્વી

# Surendranagar New Anganwadi Centre

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કે.સી.સંપટે જિલ્લાની પાંચ આંગણવાડી કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. બાળા આંગણવાડી કેન્દ્ર સાથે લીલાપુર, ચમારાજ, સદાદ અને બજરંગપુરા એમ કુલ પાંચ આંગણવાડી કેન્દ્રોનું ઈન્ડિયન ઓઈલની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ હેઠળ આવશ્યક માળખાકીય સુવિધા સાથે નવીનીકરણ કરવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે 46 લાખ રૂપિયાના ખર્ચે ત્રણ મહિના જેટલા ટૂંકા સમયગાળામાં આ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં નવી બાંધવામાં આવેલી સેપ્ટિક ટાંકી અને સોક પિટ્સ, ભૂગર્ભ અને પાણીના સંગ્રહની સુવિધાઓ, આરઓ પ્લાન્ટ્સ, બાળકોને રક્ષણ માટે બાઉન્ડ્રી દીવાલ, શૌચાલય વગેરે જેવી સુવિધાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

-------------------------------------------------------------------

- પીટીસી સુરેન્દ્રનગર / જયેશ વેગડા -(NAVIN)

# GUTKA PRATIBANDH

રાજ્યમાં ગુટકા તેમ જ તમાકું કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવાયો છે.. રાજ્યના નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે આ પ્રતિબંધ આગામી 13 સપ્ટેમ્બર, 2024થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે.

-------------------------------------------------------------------

-રીપીટ

# Patan Science Center Teacher's Day

પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગઇકાલે શિક્ષક દિવસની ઉજવણી કરાઈ હતી જેમાં ગુજકોસ્ટ આયોજિત ગાંધીનગર, પંચમહાલ, સાબરકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લામાંથી શૈક્ષણિક મુલાકાતે આવેલા 244 વિદ્યાર્થીઓ, 19 શિક્ષકો સહિત નાગરિકોએ ભાગ લીધો હતો.

શિક્ષક દિન અંતર્ગત વિવિધ રસપ્રદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા વિષય પર ચર્ચા, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન પર આધારિત દસ્તાવેજી ચિત્ર, એરો ડાયનેમિક્સ પર પેપર ક્રાફ્ટ વર્કશોપ, તેમજ વક્તૃત્વ સ્પર્ધાનો સમાવેશ થાય છે.

કાર્યક્રમના અંતે, તમામ ઉપસ્થિત શિક્ષકોને પુસ્તક અને વૈજ્ઞાનિક કેલેન્ડર ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી પાટણ / જયેશ વેગડા

-(NAVIN)

# POSHAN MAS

રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત સંકલિત બાળ વિકાસ યોજના એટલે કે, ICDS હેઠળની પોષણ અને આરોગ્યની સેવાઓ પ્રત્યે જાગૃતિ લાવવા 6 વિષયવસ્તુ આધારિત વિવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

કચ્છ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રમાં એનિમિયા પર આધારિત પ્રવૃત્તિઓ, ગ્રામ્ય આરોગ્ય સ્વચ્છતા સહિતની કામગીરી કરવામાં આવી હતી.

પંચમહાલ જિલ્લાના નદીસર ગામમાં પોષણ માસની ઉજવણી અંતર્ગત મિલેટમાંથી બનાવેલી વાનગીઓ દ્વારા ગ્રામજનોને પોષણયુક્ત ખોરાક અંગેની સમજ આપવામાં આવી હતી. આ સાથે બાળશક્તિ, માતૃશક્તિનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કરાયો હતો.

વડોદરામાં આર્યુવેદ શાખા દ્વારા પોષણ કક્કો, પોષણની ABCD તેમજ પોષણ માસની ઉજવણીની પાંચ વિષયવસ્તુ પર આધારિત ધ્વજનું અનાવરણ કરાયું હતું..

---

- ભૂજ(મા.ખાતું)-પીટીસી-વડોદરા-પંચમહાલ-ચૈતાલી જોષી-યશ્વી

# CHAKSHUDAN PAKHAWADIYU

૮મી સપ્ટેમ્બર સુધી ચાલનારા ૩૯મા ચક્ષુદાન પખવાડિયાની ઉજવણીનાં ભાગરૂપે રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર સંચાલિત એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી દ્વારા જાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું. જેમાં તબીબો, સામાજિક કાર્યકરો સહિત અંદાજે 500થી વધુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી જોડાયા હતા. ઉપરાંત અમદાવાદના વિવિધ સ્થળોએ તબીબોએ ચક્ષુદાન માટે જાગૃતિ ફેલાવતા પોસ્ટર અને પેમ્ફલેટનું વિતરણ પણ કરાયું હતું.

---

- મા.ખાતું-અનિલ પટેલ-યશ્વી